# કેનેડામાં તમારા ક્રેડિટ સ્કોરનું નિર્માણ કરવું અને જાળવી રાખવો: Servus Credit Union તરફથી માર્ગદર્શિકા

**કેનેડા અને Servus Credit Union માં સ્વાગત છે!**
તમને અહીં જોઈને અમે રોમાંચિત છીએ. આ માહિતીપત્રિકા તમને તમારા ક્રેડિટ સ્કોરના નિર્માણ અને જાળવણીની પ્રક્રિયામાં માર્ગદર્શન આપશે અને તમને તમારી ક્રેડિટનું અસરકારક રીતે નિયમન કરવાની ટિપ્સ પૂરી પાડશે.

કેનેડામાં ક્રેડિટ સ્કોરનું નિર્માણ કરવામાં સમય લાગે છે. તમે નાણાં ઉધાર લો અને ચૂકવી દો તેમ ક્રેડિટ માટેની તમારી યોગ્યતા અંગે ઋણદાતાઓને જાણ કરવા માટે તમારો "ક્રેડિટ સ્કોર" જનરેટ થાય છે. નવી માહિતીના આધારે દર મહિને તમારો સ્કોર અપડેટ થાય છે અને તે લોન, મૉર્ગેજ, સેલ ફોન, યૂટિલિટિઝ, ભાડાં અને અન્ય બાબતો માટે અરજી કરવા માટે આવશ્યક હોય છે.

તો, તમે ક્યાંથી શરૂ કરશો? કેનેડામાં ઘણા નવા આપ્રવાસીઓ ક્રેડિટ કાર્ડ, જેમ કે Mastercard® મેળવીને પોતાનો ક્રેડિટ સ્કોરનું નિર્માણ કરવાનું શરૂ કરે છે. Servus Credit Union અમારા સભ્યોને Mastercards આપે છે. એક વખત મંજૂરી મળ્યા બાદ તમારું કાર્ડ થોડાં અઠવાડિયાંમાં એક લિમિટ સાથે ટપાલમાં આવશે, દાખલા તરીકે, $1,000. ત્યારબાદ તમે તેનો ઉપયોગ ગૅસ, કરિયાણું, ફોન બિલ, પ્રવાસ અને બીજી બાબતો માટે ખરીદી માટે તમને આપેલી લિમિટ સુધી કરી શકો છો. આ ક્રેડિટ કાર્ડ બેન્ક તરફથી ફરીથી ઉપયોગમાં લઈ શકાય એવી લોન તરીકે કામ કરે છે.

**સભ્યના ક્રેડિટ કાર્ડ માટે બિલિંગ ચક્ર કઈ રીતે કામ કરે છે તેનું ઉદાહરણ આ પ્રમાણે છે:**

**દિવસ 1:** તમારું કાર્ડ સક્રિય થાય છે અને તેનો ઉપયોગ ખરીદીઓ માટે થઈ શકે છે, જે 30 દિવસના બિલિંગ ચક્રથી શરૂ થાય છે.

**દિવસ 30:** બિલિંગ ચક્રનો અંત આવે છે અને Credit Union તમને તે ચક્ર દરમિયાન કરવામાં આવેલી બધી ખરીદીઓ માટે બિલ મોકલશે. તમને વ્યાજનો ચાર્જ લાગે તે પહેલાં બિલ ચૂકવવા માટે 21 દિવસોનો સમય મળે છે. દિવસ 30 પણ હવે પછીના બિલિંગ ચક્રની શરૂઆત સૂચવે છે.

**દિવસ 51:** પ્રથમ બિલિંગ ચક્ર માટેનું પૂરું બિલ ભરવાનું થયું છે. તમે આ તારીખ પહેલાં તેની ચૂકવણી કરી શકો છો અથવા તમારા આર્થિક સલાહકારની મદદથી ઑટોમેટિક ચૂકવણીઓ સેટ અપ કરી શકો છો.

**તમારી પાસે જ્યાં સુધી તમારું Mastercard હોય ત્યાં સુધી દર મહિને આ બિલિંગ ચક્રનું પુનરાવર્તન થાય છે. પૂરતા સમય પહેલાં જ તમે જાણી જશો કે પ્રત્યેક મહિને તમારું બિલ ક્યારે ભરવાનું છે.**

સમયસર અને પૂરી રકમ સાથે તમારું Mastercard બિલ ભરવાથી તમને તમારા ક્રેડિટ સ્કોરનું નિર્માણ કરવામાંઅને વ્યાજના ખર્ચાઓ દૂર કરવામાં મદદ મળશે. સ્ટેટમેન્ટ બૅલેન્સની સામે આંશિક ચૂકવણીઓ કરવાથી હજીયે કેટલુંક વ્યાજ ચડતું રહે એવી સ્થિતિ ઊભી થશે. જો તમે અંતિમ તારીખ સુધીમાં ઓછામાં ઓછી લઘુત્તમ ચૂકવણી ન કરો તો તેનાથી તમારા ક્રેડિટ સ્કોર પર નકારાત્મક અસર પડશે. તમારા Mastercard કરારમાં વ્યાજદરની બધી માહિતીનો સમાવેશ થશે, જે તમારા કાર્ડની સાથે આવશે.

**તમને તમારા ક્રેડિટ સ્કોરનું નિર્માણ કરવામાં અને જાળવવામાં મદદ કરવા માટેની કેટલીક ટિપ્સ આ પ્રમાણે છે:**

1. **બધાં બિલો સમયસર અને પૂરાં ચૂકવો.** તેનાથી વ્યાજના ખર્ચાઓ દૂર થશે અને તમારા ક્રેડિટ સ્કોર વધુ બહેતર થશે. યાદ રહે કે Mastercardના ફંડ ઉધાર હોય છે, તેથી હંમેશાં ખાતરી કરો કે બેલેન્સને કવર કરવા માટે તમારા બૅંક એકાઉન્ટમાં પૂરતી રકમ હોય.
2. **હંમેશાં ઓછામાં ઓછી લઘુત્તમ રકમ ચૂકવો.** જો તમે પૂરી ચૂકવણી ન કરી શકો તો ખાતરી કરો કે તમારા માસિક બિલ પર દર્શાવેલી લઘુત્તમ રકમ તમે ચૂકવો.
3. **એક જ સમયે વધુપડતી ક્રેડિટ માટે અરજી ન કરો.** ટૂંકા સમયગાળામાં એકથી વધુ અરજીઓને કારણે તમારા ક્રેડિટ સ્કોરને અસર થઈ શકે છે. મોટાભાગના લોકોને એક જ ક્રેડિટ કાર્ડની જરૂર પડે છે, ખાસ કરીને જ્યારે તેઓ કેનેડામાં નવા આવેલા હોય.
4. **નિયમિત બચતની યોજના શરૂ કરો.** ભવિષ્યની ખરીદીઓ, કટોકટીની સ્થિતિઓ અને જીવનના અન્ય અગત્યના પ્રસંગો માટે બચત કરવા વિશે તમારા આર્થિક સલાહકાર સાથે વાત કરો.
5. **તમારો ક્રેડિટ સ્કોર વર્ષમાં એક વખત ચેક કરો.** કોઈ તમારી ઓળખનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરતું નથી તેની ખાતરી કરવા માટે તમારા આર્થિક સલાહકાર તમારા ક્રેડિટ સ્કોર અને રિપોર્ટની એક નકલ મંગાવી આપવામાં તમને મદદ કરી શકે છે. જો તમે કોઈ પણ મુશ્કેલી અનુભવો તો તમારા આર્થિક સલાહકારનો સંપર્ક કરવો એ સૌથી યોગ્ય પગલું છે. તમે Servus ખાતે જેટલો વહેલો અમારો સંપર્ક કરશો તેટલી વધુ મદદ અમે કરી શકીશું.

**1,877.378.8728 | servus.ca**

Mastercard અને સર્કલ ડિઝાઇન Mastercard International Incorporatedના રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક છે.
®/™ Servus Credit Union, Servus, Servus સર્કલ અને બધા જ સંબંધિત લોગો Servus Credit Unionની બૌદ્ધિક સંપદા છે.